# -: શાદીની મસર્રતોમાં બૈરો અને નિકાહખ્વાનીની પાકીઝગી :-

અલ્લાહતઆલા કુરઆને કરીમ, ફુરકાને હકીમની સુરએ રૂમની ૨૧મી આયતમાં ફરમાવે છે કે, "વમિન આયાતેહી અન ખલક લકુમ મિન અન્ફોસેકુમ અઝવાજન લેતસ્કોનૂ ઈલયહા વજઅલા બયનકુમ મવદ્દતન વ રહમતન ઈન્ન ફી ઝાલેકા લ આયાતિલ લે કૌમિંય યતફક્કરૂન." માઅના : "અને તે અલ્લાહની નિશાનીઓમાંથી છે કે, તમારી જાન માંથી જ તમારા વાસ્તે તેએ જોડકાં (બૈરો) પૈદા કીધા જે સબબ તમે એ બૈરોથી સુકૂન પરામી શકો; અને તમારે દરમિયાન મહબ્બત અને મહેરબાનીના જઝબાત પૈદા કીધા. બેશક એ વાતમાં જે કૌમ ફિક્રો ગૌર કરે છે તેને વાસ્તે નિશાની છે." સૂરએ ફૂરકાનની ૫૪ મી આયતમાં ઈરશાદે રબ્બાની થાય છે કે, "વ હુવલ્લઝી ખલકા મિનલ માએ બશરન ફજઅલહુ નસબંવ વ સેહરા વ કાના રબ્બોકા કદીરા." માઅના :"અને તે જ અલ્લાહતઆલાએ પાનીથી ઈન્સાનને પૈદા કીધો પછી એને ખાનદાન અને સસુરાલવાલો બનાવો. આપના રબ કુદરત વાલા છે."

ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) થી રિવાયત મન્કૂલ કરે છે કે, આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, જે શખ્સ પસંદ કરે કે તે અલ્લાહતઆલાથી પાકો તાહેર હાલતમાં મીલે તો એને પર વાજિબ છે કે, તે એક નૈક બૈરો સાથે શાદી કરી લે અને ઈફ્ફત તેમજ પાક દામની હાસિલ કરે. આપ (સ.અ.વ.વ.) એમ પણ ફરમાવે છે કે, જે શખ્સ મારી ફિતરત પર રહેવા ચાહતો હોય તો એને મારી સુન્નતની તબાઅત (પૈરવી) કરવી જોઈએ. બિલા શક નિકાહ કરવું મારી સુન્નતમાંથી છે. આપ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **"શાદી કરો! કેમકે મેં તમારી વજહથી કયામતના દિન તમામ ઉમ્મતો પર ફખ્ર કરીશ."** બેહતરીન બૈરો તે છે કે જે મર્દને મહબ્બત કરવાવાલી અને ઝિયાદહ ઔલાદ પૈદા કરનારી હોય. બેવુકૂફ અને બેશરમ બૈરોથી શાદી ન કરો કેમ કે તેની સોહબત બલા છે અને તેની ઔલાદ નુકસાન પહોંચાડનારી છે." આપે (સ.અ.વ.વ.) ફરમાવું કે, **" તમારા નુત્ફા વાસ્તે નૈક રહેમ ઈખ્તેયાર કરો ! " "તમારા નુત્ફા વાસ્તે નૈક રહેમ ઇખ્તેયાર કરો !"** યાઅની કોઈ નૈક ઈમાનદાર બૈરોને તમારી ઔલાદની માઁ બનાવો.

ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત છે કે, અહલે ઈમાનમાંથી બૈરો-મરદ જે વક્ત હલાલના નિકાહ બાદ ખલ્વત કરે છે (બંધ કમરામાં રાત ગુઝારે છે) તો આસમાનથી મુનાદી નિદા કરે છે કે, ખબરદાર! બિલા શક અલ્લાહતઆલાએ પાકો સાફ મરદની શાદી એક મુમેનાને સાથે કરી દીધી છે, અને જે વક્ત તે મરદ-બૈરો ખલ્વત-જેમાઅથી ફારિગ થાય છે, તો આસ્માનથી એક મુનાદી નિદા કરે છે કે, હુશિયાર! બેશક અલ્લાહતઆલાએ તે બેવેને જુદા થાવાની ઈજાઝત આપી દીધી છે.

અહલેબૈત (અ.સ.) થી રિવાયતો મન્કૂલ છે કે, મુસલમાન મરદની એ ખુશનસીબી છે કે, તેના નૈક બૈરો હોય, ફરમાઁ બરદાર ઔલાદ હોય, કુશાદહ મકાન હોય, હમરાઝ દોસ્તો હોય, વતનમાં આસાન રોઝી હોય અને આલે મોહમ્મદ (સ.વ.) ની મહબ્બતથી દિલ ભરેલું હોય. મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, અલ્લાહના બંદામાં જેમ ઈમાન ઝિયાદહ થાય છે, એટલી જ તેના દિલમાં બૈરો તરફની મહબ્બતમાં ઈઝાફો થાય છે. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, જે શખ્સ નિકાહ બગૈર કોઈ બૈરો સાથે જેમાઅ કરે તો બેવે ઝાની છે, પણ મોટો ગુનેહગાર મરદ છે. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત મન્કૂલ છે કે, અલ્લાહ જલ્લા શાનોહૂ ફરમાવે છે કે, "જે વક્ત હું ઈરાદો કરૂં છું કે કોઈ બંદાને દુનિયા અને આખેરતની બેહતરીથી નવાઝિશ કરૂં તો એની ઝબાનને ઝિક્રે ઈલાહીમાં મશ્ગૂલ કરી દઉં છું અને દિલમાં મારો ખૌફ ભરી દઉં છું અને એના જિસ્મને આઝમાઈશ અને ઈમ્તેહાનમાં સાબિર બનાવી દઉં છું અને એને એક મુમેના બૈરો અતા કરૂં છું કે જેને પર નઝર કરીને તે ખુશ થાય છે; **અને જ્યારે તે તેના બૈરોથી ગાઇબ થઇ જાય છે તો તે વક્ત બૈરોના દિલમાં તેના શૌહરની યાદને મખ્ફી રાખે છે. અને જયારે તે તેના બૈરોથી ગાઈબ થઈ જાય છે તો તે વક્ત બૈરોના દિલમાં તેના શૌહરની યાદને મખ્ફી રાખે છે."**

ઈમામ મોહંમદ બાકિર (અ.સ.) થી મન્કૂલ છે કે, આપને એક મુમેના માઅરેફતે હક્ક રાખનારા બૈરો બાબત પૂછવામાં આવું, જે એક એવા ઈલાકામાં રેહતા હતાં જ્યાં એના દીનો અકીદાનો કોઈ શખ્સ રહેતો નહોતો. આપે ફરમાવું કે, તે એવા જ મરદથી શાદી કરે જે એના દીનો મઝહબ પર હોય અને ખબરદાર! એમાં કોઈ જ હરજ નથી કે તમે કમઝોર અને બેવુકૂફ બૈરોથી શાદીનો ઈન્કાર કરી દો અને દુશ્મને અહલે બૈત (અ.સ.) અને એની દીકરી સાથે તો હરગિઝ શાદી-નિકાહ ન કરો! એમાં કોઈ ઈઝઝત નથી. બૈરો તો પોતાના શૌહરના ઘરનાં આદાબ શીખી લે છે, એમ તે મરદ તેને પોતાના મઝહબ તરફ શૌક કરાવીને માઈલ કરી લે છે. તેથી બૈરોની તંગીની સૂરતમાં તેને સાથે શાદી કરી દો, લેકિન એવા મરદો સાથે તમારી દીકરીઓની શાદી ન કરો કે જે અહલે બૈતે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની દુશ્મનીના સબબ બુગઝો અદાવતમાં મશહૂરો માઅરૂફ હોય. જેના અલાહેદા ફિરકા અને મઝહબ છે એને સાથે રિશ્તા કાઈમ કરીને ખલત-મલત ન થઈ જાઓ, અને ન કે એનાથી મહબ્બત કરો, ન એનાથી શાદી-નિકાહ કરો.

નિકાહખ્વાની એક મુકદસ અને પાકીઝા રસમ છે, જેના સબબ બે જાનો-ફર્દોને દરમિયાન યાઅની મરદ-બૈરોમાં રિશ્તો કાઈમ થાય છે અને તે બાદ એક ફેમીલી અને કુંબાની તશ્કીલ થાય છે. બૈશતર અને આમ તૌર પર ઈન્સાન શાદી ખાના આબાદીની રસ્મે મસર્રતમાંથી પોતાની ઝિંદગીમાં એક વક્ત ગુઝરતો હોય છે. ઈમામ અહમદુલ મસ્તૂર (અ.સ.) આપના આલી કદર કિતાબ **"રસાઇલ ઇખ્વાનુસ્સફા"** માં ફરમાવે છે કે, "ઈન્સાન મિલ્કત ખરીદવાને વક્ત તેના અસલી માલિકની તેમજ ઈલાકાની મુકમ્મલ તફતીશ કરે છે; સવારી-વેહીકલ ખરીદતી વક્ત તેની કંપનીની શોહરત અને તેની બનાવટની મઝબૂતીનું બરાબર યકીન કરી લે છે; અને એક દોસ્તને બનાવતા પહેલા તેના મઝહબ, ખયાલો, વિલાદતની જગા, અસલ-નસલ, તાઅલીમ-તરબીયત, હમનશીનોની તલાશ-તહકીક કરી લે છે. યહાઁ તક કે હાથમાં ચલણી સિક્કો યા નોટ કોઈ આપે તો તે અસલી છે યા બનાવટી તેની તહકીકાત કરતો હોય છે, તો પછી એ શખ્સ જેના રહેમમાં પોતાનો નુત્ફો નાખવાનો છે અને જેના પેટથી પૈદા થયેલી ઔલાદ એના હસબ-નસબ અને નસલને બરકરાર રાખીને ઝમાનામાં એની પહેચાન કાઈમ કરનારી છે, એવા કોઈ પણ બૈરોને શરીકે હયાત બનાવતા પહેલા અને એક છતના સાયામાં લાવતા પહેલા ગૌરો ખૌઝ, છાનબીન અને ગેહરી જુસ્તજૂ કેમ નથી કરતો? **આ એક હયરત અંગૈઝ બિના છે."**

દાઅવતના કિતાબોમાં નિકાહને વાસ્તે અને બૈરોની પસંદગીને વાસ્તે ઘણી રિવાયતો મન્કૂલ કરવામાં આવી છે. જો અગર એક એક રિવાયત હમેં આ જગા પર દરજ કરીએ તો મઝમૂન ઘણો દરાઝ થઈ જાય. આજના બાઝ જવાન દીકરા-દીકરીઓ જે સ્કૂલ-કોલેજ અને ટયૂશન કલાસીસમાં જાય છે, તેના દિમાગ પર જવાની અને શબાબનો જુનૂન અને ઘેલપન સવાર હોય છે. બીજા મઝહબના દીકરા-દીકરીઓ તરફ કશિશના સબબ બુરા-ભલા રસ્તાની પહેચાનને ખોઈ બેસે છે અને ઝિંદગીમાં એક મોટી ખતા કરી બેસે છે. પોતાના વાલેદૈનની નાખુશી બરદાશ્ત કરીને પણ તે ગૈર મઝહબના દીકરા-દીકરીઓ સાથે શાદી કરવા વાસ્તે શિતાબી કરે છે અને સીવીલ મેરેજનો શયતાની કદમ લેવા પર આમાદા થાય છે. **અપના અકીદા મુજબ કોર્ટ મેરેજ હરગિઝ કોઇ રિશ્તેદારી કાઇમ કરતું નથી પણ તે એક ઝિનાનો ખુલ્લમખુલ્લા નાજાઇઝ પરવાનો છે અને સસ્તી શાદીનો નાપાક ઝરીયો છે.** અને જે ઘરમાં આ મુજબના ગૈર ઈસ્લામી રિશ્તા કાઈમ થાય છે તે ઘર બરબાદી અને નાદારી નોંતરે છે અને અલ્લાહની રેહમતથી બરી થઈ જાય છે. આજના હર મુમિન દીકરા-દીકરીઓ જે જવાનીની દહેલીઝ પર કદમ મુકે છે તેઓને એ જાણવું ઝરૂરી છે કે, અહલેબૈત (અ.સ.) થી હલાલ અને જાઈઝ નિકાહ એ જ કહેવાય છે, જે મજલિસમાં દાઅવતના રઝાના સાહબની હાઝરી, મહેરની રકમની ઝિક્ર, બે આદિલ શાહિદો અને દીકરી તરફથી વાલીની હાઝરી અને અહલે મજલિસમાં રઝાના સાહબનો એવો ખુત્બો જેમાં આ તમામની ઝિક્ર હોય અને અલ્લાહની હમ્દો સના બાદ ખમ્સતુલ અત્હાર અને આલે મોહંમદ સલવાતુલ્લાહે અલયહિમની ઝિક્રથી જેની ઈબ્તેદા અને ઈખ્તેતામ થાતો હોય. આ સિવાયની નિકાહની મજલિસ દાઅવતે તૈયેબીયાહની રસમને ખિલાફ ગરદાનવામાં આવે છે, અને આ મુજબની રસમમાં કોઈ મકબૂલીયત યા બરકત હોતી નથી. અલ્લાહતઆલા દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ની હિદાયતથી મુમેનીનને સુન્નતે નબવીની નિકાહની પાકીઝા રસમની હકીકી પહેચાનથી બોહરાવર કરે અને તસ્લીમે રઝાની દૌલતથી માલામાલ કરે. ★